





'કૂકડાંની લડાઇ' જેમ જુગારી રમત છે,
એમ જ આઇપીએલ ધનિકોની ગમત છે,
કમત ક્રિકેટરોની વેંચાય ગુલામ જેમ -
રમે છે પ્યાદાં બની, કમાણીની મમત છે..




ચઢે છે પ્રજા,
મોંઘારતના ક્રોસે..
ગૂડ-ફ્રાઇડે
(ચૂંટણી ફંડ - તાલમેલ)

સત્તા ના ખેલ,
ગેરશિસ્ત ગ્રાઉન્ડે -
રમાય ખો.. ખો..
(રાજયોમાં પરિવર્તન કાવાદાવા)

## ચિંતન

**માતા યસ્ય ગૃહે નાસ્તિ, ભાર્યા ચ અપ્રિય વાદિની ।**
**અરણ્યં તેન ગન્તવ્યં, યથા અરણ્યે તથા ગૃહમ્ ॥**

'જેના ઘરમાં માતા ન હોય, અને સ્ત્રી કડવાં વેણ બોલનારી હોય એવા પતિ-પુરૂષે તો જંગલમાં જ જતા રહેવું જોઇએ કારણ કે, એના માટે તો ઘર અને જંગલ બંને સરખાં જ છે..'

ઘરમાં 'મા' હોય તો પુત્રના ગમે તેવા અને ગમે એટલા દોષ હોય છતાં એને એ દેખાતા નથી પણ પુત્ર પ્રેમનાં વાત્સલ્ય નીચે એ ઢંકાઇ જાય અને તેને ઠપકો-સલાહ કે કડવાં વેણ કહેવાને બદલે માત્ર પ્રેમ આપી તેનાં કર્મોમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરતી રહે છે.

કેટલીક સ્ત્રીઓ વહેમી-શંકાશીલ અને પતિને 'ગુનાઇત' તરીકે જ ઓળખતી હોય છે. એ પતિમાં 'સારું' શું છે એ શોધવાને બદલે દોષ શું શું છે, એ જ સદા શોધતી રહે છે અને દરેક બાબત-પછી ભલેને એના પોતાના જ્ઞાન-સૂઝની મર્યાદા બહારની હોય છતાં એને ટોંકયા કરે-મહારે-સૂચન-સૂચનાઓ આપ્યા કરતી હોય છે.. અને કોઇ પણ વાતનો અંત તો 'કડવાં વેણ' થી જ થતો હોય છે. આવો પતિ શક્ય બને ત્યાં સુધી પત્નીનું 'સાનિધ્ય' અને વાર્તાલાપ ટાળવાના જ મૂડમાં હોય છે.

તેથી જ આ સુભાષિત કહે છે તેમ એને માટે ઘર કે અરણ્ય સરખાં જ છે.

## સુવિચાર

- માનવીનો સાચો મિત્ર તેની દસ આંગળી છે - રોબર્ટ કોલિયર
- મધુર પુષ્પ ધીરે ધીરે ખીલે છે, જયારે ઘાસ ઝડપથી ઊગી નીકળે છે - શેકસપિયર
- હું નરકમાં પણ પુસ્તકોનું સ્વાગત કરીશ કારણ કે, હું જાણું છું કે પુસ્તકોમાં એટલી શક્તિ છે કે તે જયાં હશે-જશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે - તિલક
- લક્ષ્યહીન જીવન, જંગલમાં ભટકવા સમાન છે - પાસ્કલ
- સ્ત્રી-પુરૂષની સહભાગી, સહધર્મચારિણી, ગૃહલક્ષ્મી તથા પુરૂષને દેવત્વ સુધી પહોંચાડનારી સાધિકા છે - ડો. રાધાકૃષ્ણન
- દુષ્ટ માનવીને પણ જયારે ભલા હોવાનો ઢોંગ આચરવો પડે ત્યારે સમજવું કે ભલમનસાઇની જીત થઇ છે - રોશફ કોલ્ડ
- દુષ્ટ અને દુર્જન સાથે દ્રોહ પણ ન કરવો ને પ્રેમ પણ ન રાખવો-તટસ્થ, ઉદાસીન રહેવું- તૂકારામ

## બોધકથા

આજકાલ તો આપણી સેના અને સંસદ સામસામા આવી ગયાં છે. નેતાઓના નિવેદન અને સૈન્યની કૂચ ભલે ભડકો ન હોય પણ 'ધૂમાડો' તો દેખાય જ છે. આ બે પક્ષે 'રાષ્ટ્રભક્તિ' હવે ભગવાન ભરોસે છે એટલું તો દેખાય જ છે.

એક ગૃહયુધ્ધમાં અમેરિકાને સૈન્ય બોલાવવું પડ્યું. સૈનિકો ઘાયલ થયા. અબ્રાહમ લિંકન એકલા કોઇ પણ જાતનાં ઠઠારા, (કેમેરા-ટીવીવાળાને સૂચના દીધા વિના) જ સૈનિકોના ખબર અંતર પૂછવા ગયા.

એક ખૂબ ઘાયલ, છેલ્લા શ્વાસ લેતા સૈનિક પાસે પહોંચ્યા, અને લિંકને પૂછ્યું, 'હું તારી શું સેવા કરું?' સૈનિક એને ઓળખી ન શકયો. કહ્યું મારી માને બે-ત્રણ લીટીનો પત્ર લખી આપ કે હું રાષ્ટ્રની સેવા માટે શહીદ થયો છું. બચવાની આશા નથી મારા માટે શોક ન કરજે. પત્ર લખ્યો, પણ સૈનિક સહી કરે તેમ ન હતો, તેણે કહ્યું, તું જ તારી વતી સહી કર. લિંકને સહી કરી.

સૈનિકે પત્ર વાંચ્યો અને સહીનું નામ વાંચી પૂછ્યું શું ખરેખર તમે જ 'અબ્રાહ્મ લિંકન' - રાષ્ટ્રપતિ છો? લિંકને માથું હલાવી હા પાડી કહ્યું, બોલ હજુ હું તારી કંઇ મદદ કરું?

સૈનિક કહે મને તમારો હાથ આપો. હું એને પકડી છેલ્લા શ્વાસ લઇશ.. અને લિંકનનો હાથ પકડીને જ સૈનિકે છેલ્લા શ્વાસ લીધા.

લિંકનની આખો ઉભરાઇ..

# આરોગ્ય ક્ષેત્રમાં જનજાગૃતિની અગ્રતા અનિવાર્ય છે




આજે વિશ્વ આરોગ્ય દિવસ, વિશ્વભરમાં આરોગ્ય સંદર્ભે જનજાગૃતિના કાર્યક્રમો યોજાશે. વિશ્વ આરોગ્ય સંસ્થાની અસરકારક કામગીરીને કારણે આરોગ્યની સ્થિતિ વૈશ્વિક સ્તરે સંતોષકારક છે. આપણા દેશને સંબંધ છે ત્યાં સુધી જાણકારીને મામલે હજુ ઉણપ વર્તાય છે. ગરીબી અને અજ્ઞાનતાનો વ્યાપ વધારે હોવાથી કેટલાક સાવધાનીના પગલાં સમયસર લઈ શકાતા નથી, પરિણામે પાણીજન્ય અને હવાજન્ય રોગોનો વ્યાપ વિસ્તરતો જાય છે. બાળ લકવા અને ટીબી જેવા રોગો ઉપર ખાસ્સું એવું નિયંત્રણ મેળવી શકાયું છે. ભારત સરકાર અને ગુજરાત સરકાર આરોગ્યે ક્ષેત્રે ખૂબ જ સાધવાનીપૂર્વક કામગીરી કરે છે. તબીબોની અને તબીબી ક્ષેત્રના આંતર માળખાકીય સુવિધાઓનો અભાવ ઘણા સ્થાનો પર ચોક્કસ વર્તાય છે. ગ્રામ્ય વિસ્તારમાં તબીબોની અછત દેખાઈ આવે છે. આમ છતાં છેલ્લા દાયકામાં જનજાગૃતિને પરિણામે કેટલાક વાહક જન્ય રોગો પર નિયંત્રણ મેળવી શકાયું છે.

આરોગ્ય ક્ષેત્રમાં દિન-પ્રતિદિન નવા સંશોધનો માનવજાત માટે ઉપકારક બની રહ્યા છે. મોટા ભાગના રોગો માટે ઉપાયો ઉપલબ્ધ છે. હવે અસાધ્ય રોગો માટે મહાનગરોમાં તબીબી સવલતોની સુવિધાઓ પ્રાપ્ત થાય છે. નવા સંશોધનો અને જનજાગૃતિ જેવા બંને પરિણામો સરકારના પ્રયાસોને પૂરક બને છે. સરેરાશ આયુષ્ય પણ આ દાયકામાં ૬૭ વર્ષ સુધી પહોંચ્યું છે. વધતી જતી વસ્તીના પ્રમાણમાં સુવિધાઓની ઉણપ જરૂર વર્તાય પરંતુ સમયસર સાવધાનીપૂર્વકના જો પ્રયાસો કરાય તો પરિણામ જરૂર પામી શકાય. આરોગ્યક્ષેત્ર વ્યક્તિગત જીવનથી લઈને વૈશ્વિક જીવન સુધી સતત છવાયેલો રહેતો વિષય છે. જન જનમાં તકેદારીનો ભાવ નિર્માણ થાય, સમયસર ઉપાયો પ્રાપ્ત થાય અને આરોગ્યતંત્ર વધુ લોકાભિમુખ બને તો આરોગ્યક્ષેત્રના લક્ષ્યાંકો ઝડપથી સિધ્ધ થઈ શકે એમ છે. વિશ્વ આરોગ્ય દિને રોગચાળાના જન્મસ્થાન સમા ગંદકીના ઢગલાઓને હટાવીએ તો મોટા ભાગના રોગોને પ્રસરવાનો અવકાશ જ ન રહે. સ્વચ્છતા અને સ્વસ્થતાને સીધો સંબંધ છે. આવો સ્વસ્થતા માટે સ્વચ્છતા જાળવીએ.

# યુવાન હૃદય જ સ્વપ્નો સાર્થક કરે, હતાશા-નિરાશા ખંખેરો, તમે જ તેજપૂંજ છો, તમારામાં અનેકવિધ શક્યતાઓ છૂપાયેલી છે

## લાગણીનો મેળો

- રસિક આર. વાળંદ 'નિર્ઝર'

જરા ધારીને જો
તારા જ અંતરમાં
તરુણ સૂર્ય સોનાના પદ્મની કળીની પેઠે
માથઉં ઊંચું કરીને ઊગે છે.
ધીમે ધીમે પ્રકાશની પાંદડી ચારે બાજુ
ફેલાવાની તૈયારી કરે છે.
તારા જ અંતરમાં!!

-રવીન્દ્રનાથ ઠાકુર

શ્રુતિમાં કહેવાયું છે, 'માણસ યુવાન રહે એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વાત છે.' આનંદભરી યુવાની જીવનનો શ્રેષ્ઠત્તમ કાળ છે. યુવાનીમાં આનંદ છે તેથી જ તો યયાતિરાજાએ પોતાના છોકરાની યુવાની માગી. યતાતિને તો તક મળી તેથી યુવાની માગી શક્યા આજે પણ જો તક મળે તો પ્રત્યેક ઘરડો યુવાની જ માગે!!

દોસ્તો, આવી યુવાની કોને ન ગમે? યુવાની તો સુવર્ણ મૌક્તિક રસાયણ ગણાય છે. તે પચે તો તેજ આપે. અને ન પચે તો ફૂટી નીકલે!! આજે ચોતરફ શાળા-મહાશાળાઓ કે રાજમાર્ગો પર છેલબટાઉ - લબર મૂછિતા યુવાનો 'મા-બેન' ની છડેચોક મજાક-મશ્કરી કરતા હોય છે, તે વિકૃતિ જ છે, એ ન પચેલી યુવાની છએ. સાચો યુવાન તો ઉત્કટ ધ્યેયવાદી હોય છે. જે ધ્યેયને સમજીને તેને માટે જીવન સમર્પી દેવા કટિબધ્ધ બન્યો હોય!!

માકદને મોહક યુવાકાળમાં જીવનની ઉત્કટતા સમાયેલી છે. પોતાની પ્રેયસી માટે સર્વસ્વ હોમી દેનાર રૉમિયો યુવાન હતો. શીરીંને મળવા બેબાકળો ફરહાદ પહાડ કોતરવા કટિબધ્ધ બન્યો કારણ તે યુવાન હતો. આકાશને આંબવાની અને હિમાલયને ચૂર્ણ કરવાની અદમ્ય ઝંખનાથી ભરેલું આશાવાદી દિલ યુવાન પાસે જ હોય!! બધાને યુવાન અને સારા Up to date દેખાવું ગમે છે. પણ Make up કરીને યુવાની ન આવે. તેના માટે તો 'બનીશ જ', 'કરીશ જ...' નો 'જ' કાર જીવનમાં લાવવો પડે. શારીરિક દેખાવ કે વિકાસમાં યુવાની સિમિત નથી, એ તો તેજસ્વી વૃત્તિ છે.

વ્હાલા દોસ્તો! વિશ્વવિખ્યાત શિલ્પકાર માઈકલ ઍન્જેલોની કેટલીક કલાત્મક મૂર્તિઓ ચોરાઈ અને બીજાના નામે વેચાવા લાગી ત્યારે યુવાન માઈકલ ઍન્જેલોને ખુબ દુઃખ થયું ત્યારે પછી તેણે જ મૂર્તિઓ ઘડવા લાગ્યો તેના ઉપર મોટા અક્ષરે પોતાનું નામ કોતરવાનું વિચાર્યું પણ આ વિચાર તેને બેહૂદો લાગ્યો તેણે મનોમન નિર્ધાર કર્યો કે હવે પછી જે કંઈ શિલ્પો ઘડું તે જોતાં જ જોનારને લાગવું જોઈએ કે, 'આ કલાના ઉત્કૃષ્ટ નમૂના તો માઈકલ એન્જેલો જ છે!' આ યુવાન શિલ્પકારે મન મૂકીને પ્રાણ પૂરીને એવું સર્જર કર્યું કે કલાના નિષ્ણાતો એ તેની વિલક્ષણતાથી અંજાઈ ધન્યતા અનુભવી. યુવાન હૃદય જ સ્વપ્નો સાર્થક કરે. હતાશા-નિરાશા ખંખેરો તમે જ તેજપૂંજ છો, તમારામાં અનેક વિધ શક્યતાઓ છૂપાયેલી છે.

આત્મીય યુવજનો!! ગગનગામી ગરુડ ઉડ્ડયન છોડી મરઘીની જેમ જમીન પર પાંખો ફફડાવીને આમતેમ ફરે એ શોભે?! તેને પાંખો તો ઉડવા માટે મળી છે. યુવાવસ્થા પણ જીવનને ઘાટ આપવા માટે છે. મન મૂકીને ખીલવાનો તબક્કો છે. વ્યક્તિત્વ ઘડતરનો નિર્માણ કાળ છે. યુવાન હૈયાને કૃપણતા ન શોભે!! હર પળે જીવનમાં શ્રેષ્ઠતમ ઉમેરવા મથતા રહો... જીવન પણ યજ્ઞ છે. અખંડ અક્ષત ચોખાના દાણા જ ભગવાનને ચડાવાય તેમ હૃદય સિંહાસને બિરાજેલ અંતર્યામીને પણ આપણું પ્રત્યેક કાર્ય વિચાર વિશુધ્ધ, અખંડ અને અક્ષત રાખી - સમર્પી સાચા જીવન પૂજારી બનીએ!!!

**- : સ્પર્શમણિ : -**

દરેક બાબતમાં કાર્યકારણ ભાવ હોય છે. તમે પાણીમાં પથ્થર નાખશો તો કુંડાળું થશે. એ કુંડાળામાંથી બીજામાંથી ત્રીજુ એમ અનેક કુંડાળા થશે. આપણા અંતરમાં ઉદ્‌ભવતો પ્રત્યેક ખરાબ વિચાર વિશ્વનિયંતા માટે દુઃખદ કુંડાળું છે. આ કારણે જ ઋષિમુનિઓ કહી ગયા છે કે જયારે આપણે ખરાબ વિચાર કરીએ છીએ ત્યારે ઇશ્વર આંસુ સારે છે. કર્મનો સિધ્ધાંત સમજવામાં ખૂબ સહેલો છે. અને છતાં તે હિંદુ ધર્મના કેટલાયે ગૂંચાયાયેલા પ્રશ્નોની મૂળભૂત બાબત છે. કર્મનો સિધ્ધાંત એ છે કે આપણે જે કાંઇ કરીએ છીએ તેની અસર તાત્કાલિક થાય છે? એમાંથી આપણે છટકી શકતાં નથી. વિચારનો સમાવેશ કર્મમાં જ કરાય છે. દાખળા તરીકે હું કોઇ પણ માણસ પાસે એક વસ્તુ જોઉં અને અદેખાઇ કરું તથા એ મને મળે તો કેવું સારું એવા વિચાર કરું તો એક જાતની ચોરી છે. જે રીતેલૂંટ, ખિસ્સાં કાપવાં વગેરે જાતની ચોરીઓ છે, તેવી જ રીતે આવો વિચાર પણ એક જાતની ચોરી છે.

- રાજાજી
મો. ૯૯૧૩૪૨૬૯૪૯

# હિંમત, સાહસિકતા અને ગમે તેવા પુરૂષાર્થથી પાછા નહીં પડનારા દેવજીમાં એક કલાકારનો આત્મા વસેલો હતો

## મોંઘેરાં મોતી

- નટવર આહલપરા

### મોતીને દેવે દીધેલા દેવજી

રંધોળા ગામ પાસેનું લીંબડા ગામ. ગામ નાનું પણ રળિયામણું. ગામમાં ગુર્જર સુતાર બેચરભાઈનું ઘર. બેચરભાઈનું જીવન સાદું અને સરળ. બિલકુલ નિર્વ્યસની. સાધુ-સંતોના સાંનિધ્યમાં રહેતા પરોપકારી બેચરભાઈની ઘરની આર્થિક સ્થિતિ સાધારણ.

વિક્રમ સંવત ૧૯૮૪ માગશર વદ દસમને રવિવારનો દિવસ. વાતાવરણમાં ઠંડક, આકાશમાં નીલ રંગો પથરાયા. બેચરભાઈના ઘરમાં જાણે માની કૃપા થઈ. બેચરભાઈના પત્ની મોતીબેને ત્રણ દીકરીઓને જન્મ આપ્યા બાદ પુત્રને જન્મ આપ્યો. નામ રાખ્યું દેવજી.

બેચરભાઈ માણસ પારખું. ખરાં ખોટા સાધુનો ભેદ તો પળવારમાં જ પારખી લેતાં. તેથી ગામના મહાજને બેચર ભગતની ચિઠ્ઠી લાવે તેવા સાધુઓને જ ટહેલ આપવી તેમ ઠરાવેલું. ત્યાર પછી તો તેમના ઘેર શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સાધુ-સંતોનો ઉતારો રહેતો. તેમની સાથે જ્ઞાનની ચર્ચાઓ થતી. જેમાં સંત કબીર, અખો અને અન્ય કવિઓની વાતો તથી તેની સમજણ દેવજીને ઘર આંગણે જ મળેલી. લીંમડા ગામ ગીરાસદારી ગામ હોવાથી ઢાઢી લીલા, મીર, બારોટ અને ચારણો ગામમાં આવતા હતા. જુદા જુદા સંપ્રદાયો, સાધુઓના ઉપદેશો અને ગામમાં સાંસ્કૃતિક પર્વો, રામનવમી, જન્માષ્ટમી, નવરાત્રિ, હુતાશણીની ઉજવણી થતી હતી.

પૂનમની રાતે ગવાતા રાસડા અને ગરબીઓમાંથી લલિતકળાઓ અને લોકસાહિત્યનું રસપાન દેવજીએ બચપણમાં જ કર્યું હતું.

માતા મોતીબાએ દેવજીના નેતૃત્વશક્તિનું સિંચન કરેલું. માતા મોતીબા વ્યવહારકુશળ, કરકસરિયા અને ઘરરખુ હતા. તે દેશી નળિયાવાળા માટીના પિંઢોરિયા મકાનને પણ લીંપી - ગુપીને જાતે ધોળતા.

ભીંતની ઓથે ઉભેલા ખાટલાની પાછળ ભરાઈને દેવજી મોતીબાને ઘોળેલી બગલાની પાંછ જેવી ભીંત્યુને ચિતરી નાખતા. કયારેક મોતીબા તેમને ઠપકારતા. ભલે માર ખાવો પડે પણ ચિતર તો ચિતરીશ જ એવો જાણે દેવજીએ દઢ નિરધાર કરેલો. દેવજીએ તો ઘેલું લાગેલું એટલે ઘરમાં પડેલાં રદ્દી કાગળ વીણીને તેની પાછળ કોરા ભાગ ઉપર ઘરની બાજુના રસ્તે આવતાં - જતાં ખેડૂ, ભરવાડ, ગાયું, ભેસ્યું, બકરાને જોયા કરે અને પછી ચિતર્યા કરે. એક પછી એક સ્કેચ બને અને તેના ઢગલાં થતાં. ચિતરવાની પ્રક્રિયા તો નિરંતર ચાલતી. ત્યાં સોનામાં સુગંધ ભળી. ઘેર આવતાં વિદ્વાન સંન્યાસીઓનાં મુખેથી નીકળતાં શ્લોકો, કથાઓ, ગામમાં આવતાં ચારણ-બારોટના રાસડા, ગરબીઓ, લોકગીતો તેમજ દુહો-છંદો અને લોકવાર્તાઓમાંથી ઉપસતા પાત્રો ઉપરથી ચિત્રો અને શિલ્પો કેવા હોય તેન કલ્પના દેવજીના મનમાં છપાવા લાગી. આમ, દેવજીમાં સંગીત, સાહિત્ય અને શિલ્પના જ્ઞાનનું સિંચન થવા લાગ્યું હતું.



લીંબડા નાનું ગામ એટલે ગામમાં પ્રાથમિક શાળા જ હતી. તેથી દેવજીનો અભ્યાસ સાત ધોરણ સુધી માંડ થઈ શક્યો. જો કે દેવજીએ પહેલાં ધોરણથી સાત ધોરણ સુધી શાળામાં પ્રથમ નંબર મેળવવાનો ક્રમ જાળવી રાખેલો. આગળ ભણવાની દેવજીની પ્રબળ ઈચ્છા હતી પરંતુ ઘરની આર્થિક સ્થિતિ નબળી હોવાથી વધુ ભણવાનું મળ્યું નહોતું. છતાં પણ દેવજીનાં મનમાં નાનપણથી જ નવું જાણવાની જિજ્ઞાસા અને કંઈક વિશેષ કરી બતાવવાની તમન્ના હતી. દેવજીનું મગજ મશીનકામ જાણવા માટે પણ ઉત્સુક હતું.

નસીબજોગે દેવજીને તક મળી. માત્ર ચૌદ વર્ષની નાની વયમાં લીંમડા ગામની નજીક આવેલા જાળિયા સ્ટેશન પાસે કપાસ પીલતાં જીન કારખાનામાં ઓઈલમૅન તરીકે માસિક પંદર રૂપિયાની નોકરી મળી. લીંમડા ગામની જાળિયા ગામ પાંચ કિલોમીટર દૂર. તે વખતે વાહનની સગવડ નહીં. તેથી ચાલીને જવાનું. એક રાતે તેઓ નોકરીએ જતાં હતાં ત્યાં અંધારામાં એક ફણીધરની પૂંછડી ઉપર પગ પડી ગયો. ફણીધરે ચાર ફૂટ ઊંચા થઈને દેવજીની છાતી ઉપર પ્રહાર કર્યો. દેવજીને પછાડી દીધો. હાથમાં રહેલું ટિફિન છૂટીને ઢોળાઈ ગયું. અંધારામાં માંડ-માંડ ફંફોસીને ટિફિનના ખાનાં ભેગાં કર્યા. દેવજીની હિંમત કેવી નોકરીએ ગયા પરંતુ ઘેર પાછા ન ફર્યા.

એક રાતે જીનનાં ભોંયરામાં દેવજી એકલા ફાનસ લઈને કાઉન્ટર શાફટના પેડીસ્ટલમાં તેલ પુરવા ઊતર્યા. ભોંયરાના છેડે છેલ્લો પેડીસ્ટલને તેલ પૂરતા હતાં ત્યાં આગળની પુલીનો પટ્ટો તૂટ્યો અને શાફટ સાથે લટકાઈને ફરવા લાગ્યો. એક ચરખાનો લોડ ઘટવાથી એન્જિને વધુ ગતિ પકડી. ફટાક-ફટાક અવાજ કરતો પટ્ટો ઝનૂની વેગથી ભોંયરામાં ઘુમરાવા લાગ્યો. અધૂરામાં પૂરું ફાનસ પણ હોલવાઈ ગયું. હવે, દેવજી જરા પણ આગળ વધે તો છૂટી ગયેલો પટ્ટો લપેટમાં લઈ લે એટલે બહાર નીકળવાનો માર્ગ બંધ થઈ ગયો હતો.

પણ દેવજી એમ શેના હિંમત હારે! તેમણે જરા પણ ધીરજ ગુમાવ્યા વિના વિચાર કર્યો કે, પટ્ટો ગોળ ફરે એટલે કંપાસ ફરે એમ ફરે અને ભોંયરું તો ચોરસ છે, એટલે ખૂણો હોય ત્યાં પટ્ટો વાગે નહી તેથી તેમણે બુધ્ધિપૂર્વક અંધારામાં ખૂણો શોધ્યો. અંધારે સૂતા-સૂતા લપાઈને બહાર નીકળીને એન્જિન બંધ કર્યું અને પોતાનો જીવ બચાવ્યો હતો.

અંધશ્રધ્ધાના સખત વિરોધી દેવજીમાં પ્રખર સુધારાવાદી વિચારનાં બીજ તો નાની વયથી જ રોપાયા હતા. તેઓ સાચા સાધુને મનથી વંદન કરતાં પણ પાખંડી, ઢોંગી સાધુઓ પ્રત્યે તેમને નાનપણથી જ નફરત હતી. તેમનો મિજાજ ક્રાંતિકારી. તેઓ દીર્ઘદ્દષ્ટા, મૌલિક વિચારસરણી વાળા, સત્યશોધક, સ્પષ્ટવક્તા. તેઓ સહનશીલ પણ ખૂબ જ. પૂના, સતારા મિલિટ્રીમાં ભરતી થવા માટે તેમણે એક વખત પ્રયાસ કરેલો. તેઓ પિતા બેચરભાઈને શિરછત્ર માનતાં હતાં.

હિંમત, સાહસિકતા અને ગમે તેવા પુરૂષાર્થથી પાછા નહીં પડનારા દેવજીમાં એક કલાકારનો આત્મા વસેલો હતો. દેવજીના મામા પિતાંબરદાસ નકશીકામના કુશળ કારીગર. તેઓએ તેમનાં મોતીબહેનને એક નકશીકામ ડામચિયો ભેટ આપેલો, જેમાં મોર-ઢેલની સરસ નકશી કરેલી. ઢેલના મોઢા તૂટી ગયા હતા. દેવજીભાઈના પિતા બેચરભાઈએ પિતાંબરભાઈને ઢેલ રીપેર કરવા કહેલું. પણ તેઓ સમયનાં અભાવે રીપેર કરી શકેલા નહીં. પિતા બેચરભાઈને કલા-કારીગરીમાં રસ ખરો પણ તેઓ જોઈએ તેવું જાણતા નહીં.

(અનુસંધાન પાના નં. ૭ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૭મી એપ્રિલ**

### સમર્થ પ્રાધ્યાપક આનંદશંકર ધ્રુવની પુણ્યતિથિ

ગુજરાતી અને સંસ્કૃત ભાષાના સમર્થ પ્રાધ્યાપક આનંદશંકર ધ્રુવની આજે પુણ્યતિથિ. બનારસ સેન્ટ્રલ હિન્દુ કૉલેજના પ્રિન્સિપાલ, અને બનારસ હિન્દુ યુનિવર્સિટીના ઉપકુલપતિ, 'વસંત' સામાયિકના તંત્ર, આપણો ધર્મ, સાહિત્ય વિચાર, કાવ્ય તત્ત્વવિચાર, વિચાર ગ્રંથોના સર્જક પંડિત યુગની પ્રતિભા. રવિન્દ્રનાથ ટાગોરે તેમના વિષે કહેલું કે 'મૂળ સત્ય પર્યત એમની દૃષ્ટિ પહોંચે છે.'

### વિશ્વ આરોગ્ય દિન

૭મી એપ્રિલ ૧૯૪૮ના દિવસે વિશ્વ આરોગ્ય સંસ્થાની સ્થાપના થઈ. વિશ્વભરના લોકોનું આરોગ્ય સુધારવામાં અને હાલના વિશ્વની સ્વાસ્થ્ય સ્થિતિમાં બદલાવ લાવવા આ સંસ્થાનો સિંહફાળો છે. આ વર્ષેવિશ્વ આરોગ્ય દિનનો વિષય છે. 'વધતી ઉંમર અને આરોગ્ય.' આરોગ્ય અને સ્વાસ્થ્ય માટે જનજાગૃતિના કાર્યક્રમો યોજાય છે.

- તા. ૭મી એપ્રિલ ૧૭૭૦માં વિલિયમ વર્ડઝ વર્ષનો જન્મ થયો.
- બનારસ ખાતે મહાન સિતારવાદક પંડિત રવિશંકરનો જન્મ ૭મી એપ્રિલ ૧૯૨૦માં થયો.
- અસ્થમા-દમ વિષે લોકજાગૃતિ કેળવવા ૭મી એપ્રિલ વિશ્વ અસ્થમા દિન તરીકે ઉજવાય છે. શ્વાસનળી અને શ્વાસવાહિનીઓને લગતાં આ રોગ સામે "ધુમ્રપાન કરવું નહીં. ધુમ્રપાનથી ફેફસાંને નુકશાન થાય છે." તેવા સૂત્રો દ્વારા જનજાગૃતિ લાવવામાં આવે છે.

# દહેજના દૂષણમાં કેટલીય કોડ ભરેલ કન્યાઓ હોમાઈ છે, દહેજ આપવું, લેવું કે માગવુ એ શિક્ષાપાત્ર છે

## વાત કાનૂન-કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

### દહેજ પ્રતિબંધક ધારો - ૧૯૬૧

આ કાયદાનો ઉદ્દેશ સમાજમાં પ્રવર્તતા દહેજના દૂષણોને નાથવાનો છે. દહેજના દૂષણમાં કેટલીય કોડ ભરેલ કન્યાઓ હોમાઇ છે. દહેજ આપવું લેવું કે માગવુ, એ શિક્ષાપાત્ર છે. દહેજ પ્રતિબંધક ધારા ૧૯૬૧ ની કલમ ૪૯૮ અન્વએ શિક્ષાપાત્ર ગુનો બને છે.

લગ્નના અવેજ તરીકે આપેલ ધન દહેજ ગણાય છે. સ્ત્રી ધન સિવાય વર પક્ષ દ્વારા કન્યા પક્ષ પાસેથી બળજબરીથી શારીરિક, માનસિક-ત્રાસ આપી કન્યાના પિયર પક્ષ પાસેથી યેનકેન પ્રકારે દબાણ લાવી ધન એકત્ર કરવું એ દહેજ ગણાય, જેમાં રોકડ રકમ. દરદાગીના, જર ઝવેરાત, સ્થાવર જંગલમ મિલ્કતની માંગણીનો સમાવેશ કરવામાં આવે છે.

'કિમતી જામીનગીરી' એ શબ્દનો અર્થ ઇન્ડિયન પિનલ કોડ ૧૮૬૦ની કલમ-૩૦ માં કરેલ છે. દહેજ પ્રતિબંધક ધારો જમ્મુ-કાશ્મીર રાજય સિવાયના સમગ્ર ભારતને લાગુ પડે છે. દહેજના કારણે અપમૃત્યુની તપાસ મેજિસ્ટ્રેટ દ્વારા, મામલતદારશ્રી દ્વારા, તેમજ ડિ.વાય.એસ.પી. કક્ષાએ કરવામાં આવે છે. દહેજના કારણે ઝેરથી મારી નાખવી. આગ લગાડી મારી નાખવી. અગર તો અપમૃત્યુ તરફ ધકેલવા માટેના જોર જબરજસ્તીથી પ્રયત્ન કરી ત્રાસ આપવો જેથી અપમૃત્યુ તરફ દોરી જાય તેવા કિસ્સામાં કલમ ૩૦૨, ૩૦૭ તથા ૪૯૮(ક) મુજબનો ગુનો દાખલ કરી જવાબદાર પક્ષકાર કે જે સાસુ, સસરા, પતિ, દિયર, જેઠ-જેઠાણી કે નણંદ હોય તો આવા જવાબદાર ઇસમને સજા કરવામાં આવે છે.

દહેજની માગણી પોતે જ ગુનો છે, બીજે પક્ષકારની કબુલાતની જરૂર નથી. પરદેશ મોકલવા માટે મગાતા નાણાં પણ એક પ્રકારનું દહેજ જ ગણવામાં આવે છે.

દહેજની ફરિયાદ જયાં કન્યા રહેતી હોય તે વિસ્તારના હદના પોલીસ સ્ટેશનમાં અગર તો સાસરા કે પિયરના વિસ્તારની હૂકમત ધરાવતા પોલીસ સ્ટેશનમાં નોંધાવી શકાય છે. પ્રથમવર્ગના જયુડિશિયલ મેજિસ્ટ્રેટથી ઉતરતા કક્ષાની કોઇ પણ કોર્ટ ઇન્સાફી કાર્યવાહી કરી શકશે નહીં.

પહેલાના જમાનામાં સ્ત્રી (બાળકી)ને જન્મનો અધિકાર હતો. જન્મ્યા બાદ જ દૂધપીતી કરતા પરંતુ આધુનિક સમાજનું એ કલંક છે, કે સ્ત્રીને જન્મ્યાનો અધિકાર જ છીનવી લીધો છે. જાતિ પરિક્ષણ કરી. ગર્ભમાં જ બાળકને મારી નાખવામાં આવે છે.

દહેજ પ્રતિબંધક ધારાથી તેમજ શારીરિક, માનસિક ત્રાસ વિરૂધ્ધ કાયદાથી સ્ત્રીને રક્ષણ આપવામાં આવ્યું છે. જાતિય સતામણીના ગુના સામે પણ સ્ત્રીને કાયદાથી રક્ષણ પૂરું પાડેલ છે.

લોભ લાલચમાં આવી સ્ત્રીને શારીરિક માનસિક ત્રાસ આપી ધન મેળવવાની લાલચમાં સ્ત્રીઓ ઉપર થતાં અત્યાચાર નિવારવા માટે કડક કાયદાથી સ્ત્રીને રક્ષણ પૂરું પાડવામાં આવે છે.

દહેજના કારણે મૃત્યુના કિસ્સામાં સ્ત્રીનું ડાઇંગ ડેકલેરેશન (મરણોન્મુખ નિવેદન) મહત્ત્વનું સાબિત થાય છે. મરતો માણસ ક્યારેક ખોટું ના બોલે તેવા અનુમાનથી જેના વિરૂધ્ધ નિવેદન આપેલ હોયતે વ્યક્તિ સામે ફોજદારી ફરિયાદ દાખલ કરી ગુનો સાબિત થયે કોર્ટ યોગ્ય સજા ફરમાવે છે.

કાયદો જાગતાને મદદ કરે તે ન્યાયે ભોગ બનનાર વ્યક્તિએ તાત્કાલિક ફરિયાદ કરવી જોઇએ. પરંતુ ભારતીય સમાજમાં સ્ત્રીને સહનશક્તિ ગણવામાં આવેલ હોય, સામાજિક મર્યાદા. લગ્નજીવન નિભાવવાન મજબૂરી વિગેરે કારણોસર સ્ત્રી. ફરિયાદ કરતા અચકાય છે. જયારે કેટલાક કિસ્સામાં આવા કાયદાનો ખોટો દુરપયોગ કરી સ્ત્રીઓ દ્વારા સાસરી પક્ષનાં માણસોને હેરાન પરેશાન કરે છે. જે સીક્કાની બે બાજુ જેવું છે.